PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/કવા–૦૧/૧૬–૧૭ / ૪૦૨૫ તા. 31/04/15

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

પરેશસીહ પ્રવિણસીહ પરમાર,
જયઅંબે ફલોર મીલ
આકાશદીપ સોસાયટી
મવડી રોડ, રાજકોટ
મો : ૯૭૨૩૩ ૨૭૪૫૫

વિષય :–ડીપોઝીટ રીફંડ

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૦૪–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૦૭/કવા–૦૧/૧૬–૧૭)

☐ શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૦૨)

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ,શહેર વર્તુળ કચેરી , રાજકોટ

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,નાના મૌવા રોડ, પેટા વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુત્તરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/D

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૦૭/ક્વા–૦૧/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૯–૦૪–૧૬ | સ્થળ :રાજકોટ |
|---|---|---|

## પક્ષકાર નં.: –(૧) વાદી :

અરજદાર (ફરીયાદી) : નામ: પરેશસીહ પ્રવિણસીહ પરમાર,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી પરેશસીહ પ્રવિણસીહ પરમાર હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

## પક્ષકાર નં.: –(૨) પ્રતિવાદી :

પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા રોડ, પેટા વિભાગીય કચેરી રાજકોટ(કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, નાયબ ઈજનેર (ટેક) શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : ડીપોઝીટ રીફંડ

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) વાદી : અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના મવડીરોડ પેટા વિભાગીય કચેરી હેઠળ ના, સુચીત સોસાયટી મા આવેલ, જોડાણ નં. : ૮૮૬૦૮/૨૪૬૩૬/૮ તેઓએ સદર સુચીત અન્વયે ની અગાઉ ભરપાઈ કરેલ ડિપોઝીટ ની રકમ પરત મેળવવાની પીજીવીસીએલ મા તા.૩૦–૧૦–૧૫ ના રોજ લેખીત અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી સદર રકમ પરત કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પ્રતિવાદી : પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી એ, તેઓશ્રી ના મવડીરોડ પેટા વિભાગીય કચેરી હેઠળ ના, સુચીત સોસાયટી મા આવેલ, જોડાણ નં. : ૮૮૬૦૮/૨૪૬૩૬/૮ મા, તેઓએ સદર સુચીત અન્વયે ની, પીજીવીસીએલ મા અગાઉ ભરપાઈ કરેલ ડિપોઝીટ ની રકમ પરત મેળવવાની પીજીવીસીએલ મા તા.૩૦–૧૦–૧૫ ના રોજ લેખીત અરજી આપેલ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ નિયમાધીન પ્રણાલી મુજબ, નવા વીજ જોડાણો મેળવનાર અરજદારે, તેમની માંગણી મુજબ ના સ્થળ ની જમીન / મીલકત, જે કાયદેસર રીતના સઘન દસ્તાવેજીક પુરાવા આધારીત, તેઓ શ્રી ની કાયદેસર ની માલીકી / ઉપભોકતા હેઠળ ની હોવા સબંધક કાયદાકીય દ્રષ્ટીએ સચોટ એવા, જોડાણ ના સ્થળ ની જમીન ના દસ્તાવેજીક પુરાવાઓ આપવાના રહેતા હોય છે. નવા વીજ જોડાણકારો જયારે, કાયદાકીય દ્રષ્ટીએ સઘન (ફ્રી હોલ્ડ– અઘાટ) ન હોય તેવી જમીન ( સુચીત સોસાયટી વગેરે વાળી જમીન) પર જયારે, નવુ – ઘરવપરાશ / વાણીજય / ઔદ્યોગીક કે અન્ય પ્રકાર નુ, નવુ વીજજોડાણ અરજદાર તરફથી માંગવામા આવે, તેવા સંજોગોમા – આવી જમીન / જગ્યા – જે ખરેખર કાયદાકીય રીતે માંગણીદાર ની કાયદેસર ની માલીકી / ઉપભોકતા હેઠળ ની ન હોવાના કારણોસર, ભવિષ્ય મા આવી જમીન ની મુળ માલીકી અને ઉપભોકતા બાબતે સરકાર શ્રી / અન્ય ના કાયદેસર ના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. અને આવા કારણોસર, આવી જગ્યા / જમીન પર નુ પીજીવીસીએલ નુ વીજ જોડાણ, જે તે સમયે અચાનક ઉપસ્થિત થતા સંજોગોને કારણે આવી જમીન પર ના જોડાણો નો વીજપુરવઠો કાપી અને જોડાણો કાયમી ધોરણે રદબાતલ કરવાની પીજીવીસીએલ ને ફરજ પડતી હોય છે. |
| ૨.૨ | ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે વર્ણવેલ સંજોગો બાબતે ના કારણોસર ના કાયમી ધોરણે રદબાતલ કરાતા જોડાણો ના મોટાભાગ ના કેઈસો મા, પીજીવીસીએલ કંપની સામે, બાકી લેણી વસુલાત તથા અન્ય બાબતે ના કાનુનન પ્રશ્ન ઉપસ્થિત થતા હોય છે. આ તમામ બાબતો ને ધ્યાને લઈ ને પણ, પીજીવીસીએલ તરફથી, આવી જમીન એટલેકે – સુચીત સોસાયટી વગેરે વાળી જમીન પર – પીજીવીસીએલ કંપની નુ કાયદાકીય અને આર્થિક હીત નુ આગોતરૂ રક્ષણ કરી – એટલેકે, (૧) કાયદાકીય હિત ના રક્ષણ હેતુ રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર શરતી સોગંદનામુ, તેમજ (૨) આર્થિક હીત ના રક્ષણ હેતુ, પ્રતિ કીવો / વીજભાર ની ગણતરીએ મુકરર થયેલ – રકમ જ જોડાણ જયા સુધી ચાલુ રહે ત્યા સુધી ના સમયગાળા ની સલામતી ડિપોઝીટ ની રકમ ની વસુલાત, વગેરે કાર્યવાહી હેઠળ નવા વીજ જોડાણકારો ને, આવા જોડાણો – જે સુચીત સોસાયટી વગેરે વાળી જમીન પર – આપવામા આવે છે. |

**૨.૩** આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતેના, જોડાણકારો ના સુચીત સોસાયટી વગેરે પ્રકાર ની જમીન પર ના આવેલ જોડાણો પર ની, અરજદાર પક્ષકારે અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ''સદર પ્રકાર ની સલામતી ની ડિપોઝીટ ની રકમ '' જે, જોડાણ ચાલુ હોય ત્યા સુધી પરત આપવામા આવતી નથી. પરંતુ, જોડાણ કાયમી ધોરણે રદબાતલ થવાના સંજોગો મા જ જોડાણ મા રહેલ અગાઉ ભરપાઈ કરાયેલ સદર સલામતી ડિપોઝીટ ની રકમ માથી, જોડાણ મા વસુલાત ને પાત્ર થતી બીલીંગ તેમજ અન્ય બાબતે ની રકમ, સદર ડિપોઝીટ ની રકમ માથી બાદ કરી, અને સદર ડિપોઝીટ માહેની, આખરી ગણતરીએ પરત આપવા પાત્ર થતી રકમ જ, અરજદાર શ્રી ને પરત આપવામા આવે છે. આ બાબત પીજીવીસીએલ મા પ્રવર્તમાન હાલમા રહેલ, સુચીત સોસાયટી વગેરે વાળી જમીન પર ના વીજજોડાણકારો માટે, નિયમાધીન છે. હાલ ના તબ્બકે, અરજદાર શ્રી નુ સવાલવાળુ, સુચીત સોસાયટી વાળી જમીન પર નુ, સદર જોડાણ નં. : ૮૮૬૦૮/૨૪૬૩૬/૮, કાયમી ધોરણે રદબાતલ થયેલ નથી, પરંતુ ચાલુ છે. જેથી, અરજદાર શ્રી ના આ જોડાણ મા, અગાઉ ભરપાઈ થયેલ સલામતી ની ડિપોઝીટ ની રકમ પરત આપવાની બાબત, પીજીવીસીએલ મા નિયમાધીન યોગ્ય નથી.

**૨.૪** તેમ છતા, અરજદાર શ્રી નુ સદર જોડાણ જે – સુચીત સોસાયટી વાળી જમીન પર આવેલ છે , અને આ સુચીત સોસાયટી ની જમીન ની આખરી હકુમત નો નિર્ણય, જે ''કલેકટર શ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી '' ની સતાક્ષેત્ર મા સમાવિષ્ટ છે. જેથી અરજદાર પક્ષકાર, જો તેઓ શ્રી ના સદર જોડાણ વાળી સુચીત સોસાયટી ની જમીન, જે ભવિષ્ય મા, ખાલસા થવા પાત્ર અથવા તો કાયદાકીય રીતે માલીકી હકુમત તબ્દીલ થવા પાત્ર ન હોય, તે મતલબ નુ, ''કલેકટર શ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી તરફથી ના–વાંધા પ્રમાણપત્ર'' મેળવી અને પીજીવીસીએલ મા રજુ કરશે તો, અરજદાર શ્રી ના સદર જોડાણ મા અગાઉ વસુલાત થયેલ નિયમાધીન અંતર્ગત ની ડિપોઝીટ ની રકમ ઉપરાંત ની વધારાની વસુલ કરાયેલ ડિપોઝીટ ની રકમ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી પરત આપવામા આવશે.

**મુદ્દા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

**૩.૧** પીજીવીસીએલ મા પ્રવર્તમાન નિયમાધીન પ્રણાલી અંતર્ગત, સુચીત સોસાયટી ની જમીન પર ના જોડાણો મા, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ની, વીજકંપની ની સલામતી અન્વયે ની પીજીવીસીએલ દ્વારા વસુલ થયેલ ડિપોઝીટ ની રકમ, જે અરજદાર ના સદર જોડાણ ના બીલીંગ ખાતામા કાયમી રહેવા પાત્ર છે. પીજીવીસીએલ દ્વારા વસુલ થયેલ આ મુજબ ની સલામતી અંતર્ગત ની ડિપોઝીટ ની રકમ પરત મેળવવા માટે અરજદારે ફોરમ સમક્ષ ની સવાલવાળી અરજી કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં. ૨.૩ મુજબ ની વિગતે, ચાલુ જોડાણો ના કેઈસો મા સદર પ્રકાર ની ડિપોઝીટ પરત આપવાની જોગવાઈ નથી. પરંતુ, માત્ર કાયમી ધોરણે રદબાતલ થયેલ જોડાણો ના કેઈસો મા જ આવી ડિપોઝીટ ની રકમ પરત આપવાની જોગવાઈ છે. આમ, અરજદાર શ્રી નુ સવાલવાળુ જોડાણ નં. : ૮૮૬૦૮/૨૪૬૩૬/૮ જે સુચીત સોસાયટી ની જમીન પર ચાલુ છે. કાયમી ધોરણે રદબાતલ થયેલ નથી. જેથી, અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની સદર ડિપોઝીટ ની રકમ પરત આપી શકાય નહીં.

**૩.૨** તેમ છતા, અરજદાર શ્રી સવાલવાળી ડિપોઝીટ ની રકમ પરત મેળવવા ઈચ્છતા હોય તો, તેઓ શ્રી એ પીજીવીસીએલ પક્ષકાર ના મુદ્દા નં.૨.૪ મા દર્શાવ્યા મુજબ ની વિગતે નુ, ''કલેકટર શ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી તરફથી ના–વાંધા પ્રમાણપત્ર'' મેળવી અને પીજીવીસીએલ મા રજુ કર્યે થી, અરજદાર શ્રી ને પીજીવીસીએલ દ્વારા, અરજદાર શ્રી ની માંગણી મુજબ ની, સદર અગાઉ વધુ વસુલ થયેલ ડિપોઝીટ ની રકમ, જે અરજદાર શ્રી ને પરત આપવામા આવશે. સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવાનો ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે, ખાસ કરીને અરજદાર પક્ષકાર ને, તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને પણ, જાણકારી આપવા સાથે, જણાવ્યા મુજબ ની બાબતો અન્વયે નિયમાધીન યોગ્ય કરવાનો હુકમ થયેલ છે.

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..